R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ • તા. ૧૦, ઓગસ્ટ ૨૦૧૬ • અંક નં. ૨૬

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : એ.જે. શાહ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતિલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

# હાઈકોર્ટ ઓફ ગુજરાત

વેબ સાઈટસ : http://hc-ojas.guj.nic.in અને www.gujarathighcourt.nic.in

જાહેરાત ક્રમાંકઃ આર.સી/બી./૧૩૦૩/૨૦૧૬.

## ગુજરાત હાઈકોર્ટમાં હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા સહિતના વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી

### ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો

ઓનલાઈન અરજી કરવાની શરૂ થતી તારીખ અને સમય તા.૦૧/૦૮/૨૦૧૬ બપોરે ૧૨:૦૦ કલાકથી

ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય તા.૩૧/૦૮/૨૦૧૬ રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી

### યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ

(નોંધઃ અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે)

હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા

(સંભવિત માસ અને તારીખ) (ઓકટોબર–૨૦૧૬) (તારીખ.૧૬/૧૦/૨૦૧૬)

નોંધઃ ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોઈ, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતાં, સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.

ઓનલાઈન અરજી તેમજ કૉલ લેટર ડાઉનલોડ કરવા માટેની વેબસાઈટ http://hc-ojas.guj.nic.in

ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સંબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કૉલલેટર ડાઉનલોડ કરવા સંબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે હાઈકોર્ટ ખાતે ફોન ન કરતાં, નીચે મુજબની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.

**http://hc-ojas.guj.nic.in** અને
**www.gujarathighcourt.nic.in**

ગુજરાત હાઈકોર્ટ હસ્તકની વર્ગ–૪ના કર્મચારીઓ (હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા)ની કુલ–૭૨ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે. જેને લગતી વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

❒ *(ક) કક્ષા / કેટેગરીદીઠ જગ્યાની સંખ્યા :

| વિગત | કક્ષા / કેટેગરી | | | | કુલ જગ્યા |
|---|---|---|---|---|---|
| | સામાન્ય | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | |
| કેટેગરીદીઠ જગ્યાઓ | ૧૮ | ૦૬ | ૨૨ | ૧૯ | ૬૫ |
| અશક્ત / ડિફ્રન્ટલી એબલ્ડ (PH) (ફક્ત 'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ' ઉમેદવારો માટે) | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૭ |
| કુલ | ૨૦ | ૦૭ | ૨૪ | ૨૧ | ૭૨ |

(૧) વર્ગ–૪ના કર્મચારીઓ (હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા)ની ફરજ/કામગીરીનો પ્રકાર તેમજ 'ધી પર્સન્સ વીથ ડીસએબીલીટીઝ (ઈકવલ ઓપોર્ચ્યુનીટીઝ, પ્રોટેકશન ઓફ રાઈટસ એન્ડ ફૂલ પાર્ટીસીપેશન) એકટ, ૧૯૯૫ની સેકશન–૩૬ માં કરેલ જોગવાઈ અનુસાર ફક્ત 'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ' ઉમેદવારો જ અરજી કરી શકશે.

(૨) ઉપરોક્ત જગ્યાની નિયત સંખ્યામાં ફેરફાર કરવાનો નામદાર ઉચ્ચ ન્યાયાલયને અબાધિત અધિકાર રહેશે.

(ખ) પગાર ધોરણઃ

| જગ્યાનું નામ | પગાર ધોરણ | ગ્રેડ–પે |
|---|---|---|
| **હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા સહિતના વર્ગ–૪ના કર્મચારીઓ** | રૂા.૪,૪૪૦–૭,૪૪૦ | રૂા.૧,૩૦૦/– |

❒ અનામતઃ

(ક) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બિન–ઉન્નત વર્ગના ઉમેદવાર માટે), શારીરિક અશકત વ્યકિતના સંદર્ભમાં અનામત અંગે સરકારની પ્રવર્તમાન જોગવાઈઓ/નીતિઓ લાગુ પડશે.

(ખ) ગુજરાત રાજયના અનામત કક્ષાના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

❒ યોગ્યતા/લાયકાત અંગેના ધોરણોઃ

(ક) જરૂરી શૈક્ષણિક લાયકાત : (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૮/૨૦૧૬ના રોજ)

જગ્યાનું નામ – હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા સહિતના વર્ગ–૪ના કર્મચારીઓ

શૈક્ષણિક લાયકાત – ઉમેદવારે સરકાર માન્ય શાળામાંથી ધોરણ–૮ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(ખ) વયમર્યાદા :– (ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૮/૨૦૧૬ના રોજ) ન્યુનત્તમ વય મર્યાદા ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ.

વયમર્યાદા મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(ગ) વયમર્યાદામાં છૂટછાટ :–

(૧) નીચલી/તાબાની અદાલત અથવા અન્ય હાઈકોર્ટ ખાતે સેવા બજાવતા કર્મચારીઓના કિસ્સામાં ઉપલી વયમર્યાદાની એક–સમાન ધોરણે, નીચે મુજબની છુટછાટ આપવામાં આવેલ છેઃ "અનામત તેમજ બિનઅનામત–બંને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો– બંનેમાંથી જે ઓછું હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."

દા.ત. : કોઈ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વય મર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઈ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા. અને શૈ.પ. વર્ગના ઉમેદવારો, અશકત વ્યકિત/ડિફ્રન્ટલી એબલ્ડ અને માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ આપ્યા બાદ, નીચલી તેમજ ઉપલી વય મર્યાદા નીચે મુજબની રહેશેઃ

| અ. નં. | કક્ષા | નીચે દર્શાવેલ સમયગાળામાં જન્મેલ હોવા જોઈએ. (શરૂ થતી અને પૂરી થતી તારીખ સહિત) | |
|---|---|---|---|
| | | શરૂ થતી તારીખ | પૂરી થતી તારીખ |
| ૧. | સામાન્ય | ૩૧/૦૮/૧૯૮૧ | ૩૧/૦૮/૧૯૯૮ |
| ૨. | અ.જા./અ.જ.જા./ સા.અને શૈ.પ.વર્ગ / અશકત વ્યકિત (ડિફ્રન્ટલી એબલ્ડ પર્સન્સ) / માજી સૈનિક | ૩૧/૦૮/૧૯૭૬ | ૩૧/૦૮/૧૯૯૮ |
| ૩. | નીચલી / તાબાની અદાલતો અથવા અન્ય ઉચ્ચ અદાલતમાં કામ કરતા સામાન્ય (જનરલ) કેટેગરીના કર્મચારીઓ માટે | ઉપર દર્શાવેલ (ગ) (૧) મુજબ. | |

નોંધ ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ ઓનલાઈન અરજી કરવાના છેલ્લા દિવસે કોઈપણ સંજોગોમાં કોઈપણ કક્ષાના ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

❒ ફી અને ચૂકવણીની રીતઃ

(ક) ફી :– ઉમેદવારોએ નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| જગ્યાનું નામ | સામાન્ય કક્ષાના ઉમેદવારો માટે | અ.જા./અ.જ.જા./ સા.અને શૈ.પ.વર્ગ / અશકત વ્યકિત (ડિફ્રન્ટલી એબલ્ડ)/ માજી સૈનિક ઉમેદવારો માટે | ફી ભરવાના સમયગાળો |
|---|---|---|---|
| **હમાલ, ચોકીદાર, લીફ્ટમેન અને પટાવાળા સહિતના વર્ગ–૪ના કર્મચારીઓ** | ફી રૂા.૩૦૦/– + બેન્ક ચાર્જીસ | ફી રૂા.૧૫૦/– + બેન્ક ચાર્જીસ | તા.૦૧/૦૮/૨૦૧૬ થી તા.૩૧/૦૮/૨૦૧૬ દરમ્યાન બેન્કના કામકાજના સમયગાળા દરમ્યાન |

અનુસંધાન બીજા પાને...

અનુસંધાન પહેલા પાનાનું ચાલુ...




(ખ) ફી ચૂકવણીની રીત :–

(૧) એકવાર ભરેલ ફી પરત આપવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.
માટે ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો, અને જો ઉમેદવાર યોગ્યતા ધરાવતા હોય તો જ ઉમેદવારે નીચે સૂચવ્યાનુસાર ફી ભરવી.

(૨) ફી ભરવા માટે ઉમેદવારે સૌપ્રથમ આ જાહેરાતના પાના નં.૧૬ ઉપર આપેલ "કેશ વાઉચર"ની પ્રિન્ટ મેળવી લેવી.

(૩) તમામ ઉમેદવારો ઉપર ફકરા–૪ (ક)માં જણાવ્યા મુજબ નિયત કરેલ ફી, આ જાહેરાતના પાના નં.૧૬ ઉપર આપેલ નિયત નમૂનાના કેશ વાઉચરમાં તા.૦૧/૦૮/૨૦૧૬ થી તા.૩૧/૦૮/૨૦૧૬ દરમ્યાન બેન્કના કામકાજના સમયગાળા દરમ્યાન કોર બેન્કીંગ સેવા ધરાવતી 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા'ની કોઈપણ બ્રાન્ચ/શાખામાં ભરી શકશે.

(૪) ફી ભરવા માટેના નિયત નમૂનાના કેશ વાઉચરમાં ઉમેદવારે નીચે મુજબની જરૂરી વિગતો ભરવી.
જેવી કે, અરજદારનું નામ, શાખાનું નામ, શાખાનો કોડ અને અરજી ફીની રકમ (ઉપર ફકરા–૪ (ક)માં જણાવ્યા મુજબ ફી ની જે રકમ લાગુ પડતી હોય તે રકમ લખવી).

(૫) ઉમેદવારે કેશ વાઉચરમાં દર્શાવ્યા મુજબ 'રજીસ્ટ્રાર જનરલ, હાઈકોર્ટ ઓફ ગુજરાત, સોલા, અમદાવાદ'ના નામના ચાલુ ખાતા નં. ૩૦૭૨૫૮૧૧૭૮૫ માં જ ફી ભરવાની રહેશે.

(૬) કેશ વાઉચરમાં બેન્કે ભરવાની જરૂરી વિગતો જેવી કે ડિપોઝીટ જર્નલ નંબર, કન્ફર્મ જર્નલ નંબર, ડિપોઝીટ કર્યા તારીખ બેન્કે લખેલ છે કે નહીં? તેમજ બેન્કના જે તે અધિકારીશ્રીએ સહી તેમજ સિક્કો કરેલ છે કે નહી? તેની ખાતરી કરી લેવી.

(૭) બેન્ક કોપી, ઓફિસ કોપી, ઉમેદવારની કોપી–એમ ત્રણ ભાગમાં વહેચાયેલ કેશ વાઉચરમાંથી 'બેન્ક કોપી' બેન્ક પોતાની પાસે રાખશે, જ્યારે કેશ વાઉચરના નીચેના બે ભાગ એટલે કે 'ઓફિસ કોપી', 'ઉમેદવારની કોપી' ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે, અને જે તે પરીક્ષામાં/દરેક તબકકે અસલ/ઓરીજીનલ ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે. આથી કોઈપણ પ્રકારનું કેશ વાઉચર ટપાલ કે અન્ય મારફતે હાઈકોર્ટ ખાતે મોકલવું નહીં.

(૮) જે ઉમેદવારે નિયત સમયમર્યાદામાં ફી ભરી, ઓનલાઈન અરજી કરેલ હશે, તે અરજીને જ માન્ય અરજી ગણવામાં આવશે. એટલે કે કન્ફર્મ કરેલ ઓનલાઈન અરજીમાં ભરેલ ફીની વિગતો, બેન્ક તરફથી સિકકો લગાવીને પરત કરેલ કેશ વાઉચરમાં દર્શાવેલ વિગતો મુજબની જ હોવી જોઈએ.

(૯) ઉપર સૂચવ્યાનુસાર નિયત કરેલ 'કેશ વાઉચર'માં 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા' ખાતે જ ફી ભરવાની રહેશે. તે સિવાય અન્ય કોઈ માધ્યમ કે અન્ય બેન્કમાં ભરેલ ફી ધ્યાને લેવામાં આવશે નહીં અને ફી પરત પણ કરવામાં આવશે નહીં, તેમજ અન્ય કોઈ જગ્યા માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

❒ નિમણૂંક માટેની અયોગ્યતા :
નીચે મુજબની વ્યકિત નિમણૂંક માટે યોગ્ય ગણાશે નહીં:

(૧) ભારતીય નાગરીકત્વ ધરાવતી ન હોય તેવી વ્યકિત.

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા બરતરફ કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત.

(૩) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે ગુનેગાર સાબિત કે જાહેર કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર ઉચ્ચ ન્યાયાલય કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત.

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેને ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દબાણ કરેલ હોય.

(૫) એવો કોઈપણ પુરૂષ ઉમેદવાર કે જે એક કરતાં વધારે જીવીત પત્ની ધરાવતો હોય, અને એવી કોઈપણ સ્ત્રી ઉમેદવાર કે જેણે એવા પુરૂષ સાથે લગ્ન કરેલ હોય કે જે અન્ય પત્ની ધરાવતો હોય.

❒ હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાનું માળખું :–

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ ૧૦૦ ગુણની રહેશે.

(૨) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી રહેશે.

(૩) ઉપર્યુકત લેખિત પરીક્ષામાં દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ ૦.૩૩ નકારાત્મક ગુણ રહેશે.

(૪) પરીક્ષાનો સમયગાળો ૧ કલાક અને ૩૦ મિનિટ (૯૦ મિનિટ)નો રહેશે.

(૫) અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે:

| અ.નં. | વિષય |
|---|---|
| ૧. | ગુજરાતી ભાષા |
| ૨. | સામાન્ય જ્ઞાન |
| ૩. | ગણિત |
| ૪. | રમતગમત |
| ૫. | રોજબરોજની ઘટનાઓ |

(૬) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં સામાન્ય વર્ગના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૫૦ ગુણ અને 'અનુસૂચિત જાતિ', 'અનુસૂચિત જનજાતિ', 'સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ' તેમજ શારીરિક અશકત (ડિફન્ટલી એબલ્ડ/પી.એચ.) વર્ગના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૪૫ ગુણ મેળવવાના રહેશે. ત્યારબાદ, મેરીટના આધારે પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે.

(૭) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જીલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નકકી કરવામાં આવશે.

(૮) હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તે સ્થળે અને સમયે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા–જવાનું રહેશે.

(૯) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં જવાબવહી/ઉત્તરવહી તરીકે 'ઓ.એમ.આર.શીટ' આપવામાં આવશે. ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ 'ઓ.એમ.આર. શીટ'નું મૂલ્યાંકન ઓ.એમ.આર.શીટ રીડર મશીન દ્વારા સ્કેન કરીને કરવામાં આવે છે. જે સંપૂર્ણ પ્રક્રિયા કોમ્પ્યુટર આધારીત હોઈ, હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાની જવાબવહી / ઉત્તરવહી – ઓ.એમ.આર.શીટના રીચેકીંગ/રીએસેસમેન્ટ/ઈન્સ્પેકશન અંગેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

❒ પસંદગી યાદી :

(૧) પસંદગી યાદી ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) જે તે સંબંધિત સંવર્ગ માટે મેરીટના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. નામદાર ઉચ્ચ ન્યાયાલયના આદેશ મુજબ મૂળ પસંદગી યાદીમાં સમાવિષ્ટ કુલ ઉત્તીર્ણ ઉમેદવારોની સંખ્યાના વધુમાં વધુ ૨૦ ટકા જેટલી સંખ્યામાં અલગથી એક પ્રતિક્ષા યાદી પણ તૈયાર કરવામાં આવશે. જેનો ઉપયોગ, મૂળ પસંદગી યાદીના લાગુ પડતા સમયગાળા દરમ્યાનમાં ઉદ્દભવતા સંજોગો જેવા કે, ઉમેદવારને નિમણૂંકપત્ર આપવામાં આવે પરંતુ સ્વૈચ્છિકપણે નિમણૂંક ન સ્વિકારે તેમજ કોઈ કારણોસર પસંદગી પામેલ ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવે તેવા સંજોગોમાં ખાલી પડનાર જગ્યાઓ સામે નિમણૂંક આપવા માટે કરવાનો રહેશે.

(૩) પસંદગી યાદી વેબ સાઈટ http://hc-ojas.guj.nic.in અને હાઈકોર્ટ વેબસાઈટ www.gujarathighcourt.nic.in ઉપર મૂકવામાં આવશે અથવા નામદાર ઉચ્ચ ન્યાયાલય દ્વારા નકકી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૪) પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી રજૂ/પ્રકાશીત થયાથી ૨ વર્ષ અથવા તો કોઈ નવી યાદી રજૂ/પ્રકાશીત કરવામાં આવે તે સમય, આ બંનેમાંથી જે વહેલા હશે/થશે ત્યાં સુધી જ અમલમાં રહેશે. આમ છતાં, જો જે તે વર્ષમાં ખાલી જગ્યાની સંખ્યા, પસંદગી યાદીમાં બાકી રહેલ ઉમેદવારોની સંખ્યા કરતાં ઓછી હશે, તો પસંદગી યાદીની મુદત વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે, કે જેથી પસંદગી યાદીમાંથી જ જે તે નિમણૂંક આપી શકાય.

(૫) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂંક નિયત શરતો આધીન / નિયમોનુસાર સ્વિકારવામાં નિષ્ફળ જશે, તો ઉમેદવાર નિમણૂંકનો હકક ગુમાવશે, અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂંક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં, અને હાઈકોર્ટ દ્વારા પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી મુજબ જે તે અન્ય ઉમેદવારોને નિમણૂંક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

❒ સામાન્ય સૂચનાઓ:–

(૧) જે ઉમેદવારોએ મુદ્દા નં.૪માં નિયત કરેલ 'કેશ વાઉચર'માં ફી ભરેલ હશે અને ઓનલાઈન અરજી સફળતાપૂર્વક કન્ફર્મ કરેલ હશે, તેવા ઉમેદવારોની અરજીને જ માન્ય ગણવામાં આવશે.

(૨) ઓનલાઈન અરજી કરતાં પહેલા ઉમેદવારે પોતાનો ફોટો અને સહી નીચે સૂચવ્યા મુજબના સાઈઝ/માપ મુજબ સ્કેન કરવાના રહેશે. જેથી ઓનલાઈન અરજી દરમ્યાન સરળતાપૂર્વક અપલોડ કરી શકાય.પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ એવી રીતે સ્કેન કરવો કે જેની લેન્થ/ઉંચાઈ ૫ સે.મી. અને વીડથ/પહોળાઈ ૩.૬ સે.મી. જેટલી હોય, અને ફોટો વધુમાં વધુ ૧૦ કે.બી. સાઈઝ ધરાવતો હોવો જોઈએ. સ્કેન કરેલ ફોટોગ્રાફ 'jpg' ફોર્મેટમાં સેવ કરવો. સહી એવી રીતે સ્કેન કરવી કે જેની લેન્થ/ઉંચાઈ ૨.૫ સે.મી. અને વીડથ/પહોળાઈ ૭.૫ સે.મી. અને જેટલી હોય, અને સહી વધુમાં વધુ ૧૦ કે.બી. સાઈઝ ધરાવતી હોવી જોઈએ. સ્કેન કરેલ સહી 'jpg' ફોર્મેટમાં સેવ કરવી.

નોંધ:જે સહી સ્કેન કરીને ઓનલાઈન એપ્લીકેશનમાં અપલોડ કરવામાં આવશે, તે જ અને તેવી જ સહી ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયાના દરેક તબકકે કરવાની રહેશે. જો સહીમાં ફેરફાર જણાશે, તો ઉમેદવાર સામે જે તે પગલા લેવામાં આવશે.

(૩) ઉમેદવારે સૂચના મુજબ ઓનલાઈન અરજીમાં જરૂરી વિગતો ભરવી.

(૪) ઉમેદવાર કોઈપણ સંજોગોમાં એક જ જગ્યા માટે એક થી વધારે ઓનલાઈન અરજી કરી શકશે નહીં.

(૫) ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ, તુરત જ બે પ્રિન્ટ આઉટ/કોપી મેળવી લેવી, કારણ કે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ પ્રિન્ટ કરી શકાશે નહીં, અને જયાં સુધી જણાવવામાં ન આવે ત્યાં સુધી, ઉમેદવારે ઓનલાઈન અરજી, કેશ વાઉચર કે અન્ય કોઈપણ દસ્તાવેજ હાઈકોર્ટ ખાતે મોકલવાના નથી.

(૬) ઓનલાઈન અરજી સિવાય અન્ય કોઈ માધ્યમથી કરેલ કોઈપણ અરજીને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૭) જાહેરાતમાં જણાવ્યા મુજબની જગ્યાઓ સામે, જો ખૂબ જ વધારે સંખ્યામાં અરજીઓ મળશે, તો અમલમાં મૂકી શકાય તેવા કાયદેસરના માપદંડોનો આધાર લઈ, અરજીઓની સંખ્યા મર્યાદિત કરવા બાબતે નામદાર ઉચ્ચ ન્યાયાલયનો નિર્ણય દરેક ઉમેદવારને બંધનકર્તા અને આખરી રહેશે.

(૮) માજી સૈનિકના કિસ્સામાં, જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતી વખતે ફી તેમજ ઉપલી વયમર્યાદાનો લાભ મેળવેલ હશે તેવા ઉમેદવારોએ તેના સમર્થનમાં પ્રમાણપત્ર કે ઓળખકાર્ડ રજૂ કરવાનું જણાવવામાં આવે, ત્યારે રજૂ કરવાનું રહેશે. અન્યથા ઉમેદવારી સંદર્ભે નામદાર ઉચ્ચ ન્યાયાલય દ્વારામાં લેવામાં આવનાર નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૯) જયાં સુધી સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી, ઉમેદવારે 'ઓનલાઈન અરજી નંબર' તેમજ ઓનલાઈન અરજી કન્ફર્મ કર્યા બાદ મેળવેલ 'કન્ફર્મેશન નંબર' સાચવીને રાખવાનો રહેશે, કારણ કે ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ, જે તે પરીક્ષા માટેનો કૉલલેટર મેળવવા માટે તેમજ અન્ય તમામ પત્ર વ્યવહાર માટે 'ઓનલાઈન અરજી નંબર' તથા 'કન્ફર્મેશન નંબર'ની જરૂર પડશે.

૧૦. ઉમેદવારે ઓનલાઈન અરજીનો નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે ઓજસ વેબસાઈટ http://hc-ojas.guj.nic.in ના માધ્યમથી હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા માટેનો પ્રવેશપત્ર / કૉલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે. પરીક્ષા અંગેના કૉલલેટર ડાઉનલોડ કરવા અંગેની સૂચના ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS કરીને આપવામાં આવશે.

૧૧. ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા વખતે પ્રવેશપત્ર/કૉલલેટર તેમજ અસલ/ઓરીજીનલ કેશ વાઉચર સાથે નીચે પૈકી કોઈપણ એક ઓરીજીનલ ઓળખકાર્ડ તેમજ એક નકલ લઈને આવવાનું રહેશે:
- ચૂંટણી કમિશ્નર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચૂંટણી કાર્ડ
- પાન કાર્ડ
- ડ્રાઈવીંગ લાયસન્સ
- આધાર કાર્ડ
- પાસપોટ
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ

૧૨. ઉમેદવારને મોબાઈલ/સેલ ફોન, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો કે અન્ય મટીરીયલ્સ લઈ પરીક્ષા કેન્દ્રના મેદાનમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ છે.

૧૩. જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમ્યાન કોઈ ગેરવ્યાજબી પ્રવૃત્તિ જેવી કે ચોરી કરવી કે ગેરવર્તન કરવું કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સંબંધિત હોય તેવી કોઈ પણ વ્યકિતની મદદ લેવી કે અન્ય કોઈ અનઅધિકૃત પ્રવૃત્તિ કરતા જણાશે, તો તે ઉમેદવારને જે તે તબકકે જ અથવા ચોકકસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે–જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નકકી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.
અગત્યની નોંધ: લેખિત પરીક્ષા હેતુલક્ષી પ્રકારની હોઈ, કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી નિશાની કરવી નહીં.

૧૪. જે ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ (અશકત વ્યકિત/ડિફન્ટલી એબલ્ડ) ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતી વખતે 'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ (અશકત વ્યકિત/ડિફન્ટલી એબલ્ડ)' સંબંધિત ફીમાં રાહત અને વયમર્યાદામાં છૂટછાટ અંગેનો લાભ મેળવેલ હશે, તેવા કિસ્સામાં જ્યારે નામદાર ઉચ્ચ ન્યાયાલય દ્વારા ઉમેદવારને જણાવવામાં આવે ત્યારે રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ 'અશકતતા અંગેનું પ્રમાણપત્ર' રજૂ કરવાનું રહેશે. તેની ચકાસણી બાદ, 'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ (અશકત વ્યકિત/ડિફન્ટલી એબલ્ડ)' ની અનામત જગ્યાના લાભ તેમજ ઉમેદવારની યોગ્યતા અંગેનો હાઈકોર્ટનો નિર્ણય આખરી રહેશે.

૧૫. જયાં સુધી હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવેલ 'તબીબી સત્તામંડળ/મેડીકલ ઓથોરીટી' દ્વારા ઉમેદવારની જે તે જગ્યા માટેની કામગીરી માટેની સક્ષમતા અંગે પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી નિમણૂંક આપવામાં આવશે નહીં.

૧૬. ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા માત્રથી જ



અનુસંધાન ત્રીજા પાને...

અનુસંધાન બીજા પાનાનું ચાલુ...

નિમણૂંક મેળવવા હકકદાર બનશે નહીં.

૧૭. જયારે હાઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી/ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ અને ફી ભર્યા અંગેનું અસલ/ઓરીજીનલ કેશ વાઉચર (ઓફિસ કોપી) સાથે નીચે જણાવ્યા મુજબના જરૂરી અસલ પ્રમાણપત્રો તથા તે તમામ પ્રમાણપત્રોનો પ્રમાણિત કરેલ નકલોનો એક સેટ સહિત ઉપસ્થિત થવાનું રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

(ખ) શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ જન્મ અંગેનું પ્રમાણપત્ર

(ગ) જે તે જગ્યા માટે જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અંગેનું માન્ય શાળા તરફથી આપવામાં આવેલ ગુણપત્રક. આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા હોવ તો તે અંગેના નિર્ણાયક વર્ષ / ફાઈનલ ઈઅરના ગુણપત્રક (માર્કશીટ)/પ્રમાણપત્રો ક્રમમાં ગોઠવવા. એટલે કે સ્નાતકના કિસ્સામાં ફકત થર્ડ ઈયર તેમજ અનુસ્નાતકના કિસ્સામાં સેકન્ડ ઈયરની જ ગુણપત્રક (માર્કશીટ)/પ્રમાણપત્ર રજૂ કરવા.

(ઘ) જો અનુભવ ધરાવતા હોવ / તાલીમ મેળવેલ હોય તો, તે અંગેના પ્રમાણપત્રો

(ચ) અનુ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ વિગેરે અનામત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાતિ અંગેનું પ્રમાણપત્ર (કાસ્ટ સર્ટીફીકેટ) તથા ખાસ કરીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા. અને શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચાલુ નાણાંકીય વર્ષનું નોન–ક્રિમીલેયર સર્ટીફીકેટ.

(છ) શારીરિક અશકત વ્યકિતના કિસ્સામાં (અ) લોકોમોટર ડીસએબીલીટી ૪૦ થી ઓછી નહી હોવા અંગેનું સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર

(બ) ફરજ બજાવવા માટે સક્ષમ હોવા અંગેનો અભિપ્રાય આપતું સ્ટેન્ડીંગ મેડીકલ બોર્ડ, અમદાવાદ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(જ) જો ઉમેદવાર સામે કોઈ ક્રિમિનલ કેસ કે અન્ય કોઈ કેસ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે એફ.આઈ.આર. / ચાર્જશીટ/ જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો રજૂ કરવી. (જો ઉમેદવાર સામે કોઈ કેસ થયેલ હશે અને ઉમેદવાર જાહેર નહીં કરે, તો જયારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની ઉમેદવારી/નિમણૂંક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(ઝ) માજી સૈનિક ઉમેદવારે ઓળખકાર્ડ તેમજ સંબંધિત તમામ પ્રમાણપત્રો/ દસ્તાવેજો.

(ટ) રાજય/કેન્દ્ર સરકારના કોઈ ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં ના–વાંધા પ્રમાણપત્ર.

(ઠ) જો નામ કે અટકમાં ફેરફાર કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજયપત્ર (ગેઝેટ)ની નકલ.

(ડ) ડોકટર, એન્જીનીયર, એમ.એલ.એ./ એમ.પી., રાજયપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત દ્વારા આપવામાં આવેલ ચારિત્ર્ય અંગેના બે ઓરીજીનલ પ્રમાણપત્રો.

(ઢ) નીચે પૈકીનામાંથી કોઈ પણ એક ઓરીજીનલ ઓળખપત્ર અને નકલ :

- ચૂંટણી કમિશ્નર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચૂંટણી કાર્ડ
- પાન કાર્ડ
- ડ્રાઈવીંગ લાયસન્સ
- આધાર કાર્ડ
- પાસપોટ
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ઓળખકાડ

૧૮. ઓનલાઈન અરજી કરતી વખતે એ બાબતનો ખ્યાલ રાખવાનો રહેશે કે ઉમેદવાર ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતા હોવા જોઈએ અને ઉમેદવાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતો સંપૂર્ણ સાચી હોવી જોઈએ. જો કોઈ ઉમેદવાર જે તે જગ્યા માટે નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહી હોય અથવા કોઈ ઉમેદવારે પોતાની સામે થયેલ દિવાની/ફોજદારી ફરીયાદ સંબંધિત મહત્વની હકીકતો પૂરતી આપેલ નહી હોય અથવા ગૂંચવણભરી આપેલ હોય અથવા છૂપાવેલ હશે, તો તેવા કિસ્સામાં જે તે ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે. જો નિમણૂંક પછી પણ આ પ્રકારની ખામી/ત્રૂટીઓ ધ્યાન ઉપર આવશે, તો તે/તેણીની સેવાઓનો અંત લાવવા માટે કાયદેસર જવાબદાર ગણાશે.

૧૯. ઉમેદવારે ઓનલાઈન અરજી ૩૦ મિનિટમાં કરવાની રહેશે. (ઓનલાઈન એપ્લીકેશનના પ્રથમ બોક્ષમાં માહિતી ભરવાનું શરૂ કર્યા બાદ તુરત જ ૩૦ મિનિટની સમયમર્યાદા શરૂ થશે.)

૨૦. ઉમેદવારે સૂચનાનુસાર અરજીમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. સૂચનાનુસાર નહી કરેલ અરજી સ્વિકારવામાં આવશે નહીં.

૨૧. ભરતી પ્રક્રિયાના અંતે જે ઉમેદવાર પરીક્ષામાં મેળવેલ ગુણ જાણવા/મેળવવા ઈચ્છતા હોય, તેવા ઉમેદવારો હાઈકોર્ટ પોર્ટલ http://hc-ojas.guj.nic.in ના માધ્યમથી માર્કસ મેળવી/જાણી શકશે. (નોંધઃ આ માટે ઉપર્યુકત હાઈકોર્ટ પોર્ટલના ઉપયોગ દરમ્યાન દરેક ઉમેદવારને તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવેલ (OTP-One Time Password)નો ઉપયોગ કરવાનો રહેશે.)

૨૨. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઈ. એકટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

❐ ઓનલાઈન અરજી કરવાની રીત :

(૧) યોગ્યતા ધરાવતા ઉમેદવારો મુદ્દા નં./ ફકરા નં. ૪ – 'ફી અને ચૂકવણીની રીત'–માં જણાવ્યા મુજબ ફી ભર્યા બાદ http://hc-ojas.guj.nic.in અને હાઈકોર્ટ વેબસાઈટ www.gujarathighcourt.nic.in ઉપર મુકેલ લીન્કના માધ્યમથી તા.૦૧/૦૮/૨૦૧૬ રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી તા.૩૧/૦૮/૨૦૧૬ના રોજ રાત્રીના ૨૩:૫૯ કલાક દરમ્યાન અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં પોતાની પાસે જ રહેનાર ચાલુ / એકટીવ મોબાઈલ નંબર દર્શાવવાનો/આપવાનો હોય છે. જરૂર જણાયે ઓનલાઈન અરજીમાં દર્શાવવામાં આવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર SMS કરી પરીક્ષા સંબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી જે મોબાઈલ નંબર ઓનલાઈન અરજીમાં દર્શાવેલ હોય, તે જ મોબાઈલ નંબર જયાં સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત/એકટીવ રાખવાનો રહેશે. જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યુ તેમજ હિતાવહ છે.

(૩) ઓજસ મોડયુલમાં ઓનલાઈન અરજી કરવા અંગે નીચે મુજબના સ્ટેપ અનુસરવાઃ

(ક) વિગતવાર જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ, ઓનલાઈન એપ્લીકેશનમાં માંગવામાં આવેલ વિગતો સમજી તેમજ ચકાસી, ભૂલરહિત ભરવી.

(ખ) ત્યારબાદ 'Apply Online' બટન ઉપર કલીક કરી, ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવું.

(ગ) ઓનલાઈન એપ્લીકેશન ફોર્મના અંતે આપેલ 'SAVE' બટન ઉપર કલીક કરી ઓનલાઈન એપ્લીકેશનને સેવ કરો.

(ઘ) સેવ કર્યા બાદ, એક નવી સ્ક્રીન/પેજ ખુલશે. જેમાં તમોને તમારો 'એપ્લીકેશન નંબર' મળશે. જે ઉદાહરણ રૂપે આ પ્રમાણેનો હશે. દા.ત. HCG/201617/44/....... જે નંબર નોંધી લેવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની પાસે સાચવીને રાખવો. આ જ સ્ક્રીન/પેજમાં "Show Application Preview" બટન હશે. જેના ઉપર કલીક કરવાથી તમે ભરેલ તમામ વિગતો દેખાશે. જેની ખરાઈ કરી લો. જો કોઈ ભુલ રહી ગઈ હોય તો તેને સુધારવા/Edit કરવા માટે "Edit Application" બટન ઉપર કલીક કર્યા બાદ, જરૂરી વિગતો જેવી કે "Application Number" અને "Birth Date" ભર્યા બાદ, જે એપ્લીકેશન ફોર્મ ખુલે તેમાં સુધારા–વધારા કરી, ફરીથી સેવ કરવી.

(ચ) ત્યારબાદ ફકરા નં. ૮ (૩) માં સૂચવ્યાનુસાર સ્કેન કરેલ ફોટો અને સહી અપલોડ કરવા માટે "Upload Photograph" બટન ઉપર કલીક કરી, ફોટો અને સહી અપલોડ કરો.

(છ) ફોટો અને સહી અપલોડ કર્યા પછી પણ "Edit Application" બટન ઉપર કલીક કરીને ભરેલ વિગતની પુનઃ ચકાસણી કરી લો.

(જ) જો તમામ વિગતો સાચી અને ભૂલરહિત જણાય તો "Confirm Application" બટન ઉપર કલીક કરી, અરજીને Confirm/કન્ફર્મ કરો. ત્યારબાદ તુરત જ સ્ક્રીન ઉપર Confirmation No. દેખાશે. જે નોંધી લો અને સાચવીને રાખો. આ ઉપરાંત અરજી Confirm/કન્ફર્મ કર્યા બાદ, રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર એક SMS પણ મળશે, જેમાં પણ એ જ કન્ફર્મેશન નંબર હશે. આથી SMS પણ ડીલીટ કરવો નહીં, અને સાચવીને રાખવો.

નોંધ : ખાસ યાદ રાખો કે એકવાર કન્ફર્મ થઈ ગયેલ અરજી એટલે કે કન્ફર્મેશન નંબર આવી ગયા બાદ, અરજીમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર થઈ શકશે નહીં. આથી અરજી કન્ફર્મ કરતાં પહેલા, પ્રિવ્યૂનો ઉપયોગ કરી, તમામ વિગતો ચકાસી લેવી હિતાવહ અને સલાહભર્યુ છે.

(ઝ) ખાસ યાદ રાખો કે એપ્લીકેશન નંબર અને કન્ફર્મેશન નંબર બંને અલગ અલગ છે. કન્ફર્મેશન નંબર મળેલ અરજી જ માન્ય ગણાશે. એટલે કે એપ્લીકેશન નંબર મળ્યો હોય, પરંતુ અરજી કન્ફર્મ કરેલ ન હોય અને કન્ફર્મેશન નંબર મળેલ ન હોય તેવી અરજીને ધ્યાને લેવામાં આવશે નહીં.

(ટ) છેલ્લે Print Application ઉપર કલીક કરી, અરજીની બે પ્રિન્ટ મેળવી લો. જે ઉમેદવારે પોતાની પાસે જ રાખવાની રહેશે, અને જયારે ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે જણાવવામાં આવે ત્યારે એક નકલ સાથે લઈને આવવાની રહેશે.

(ઠ) ઉમેદવારે વિગતવાર જાહેરાતમાં દર્શાવેલ યોગ્યતા અંગેના ધારાધોરણ/માપદંડોને ધ્યાને લઈને, અરજી કરવાની રહેશે. તે મુજબ નહી કરેલ અરજી સ્વિકારવામાં આવશે નહીં.

❐ કેટલીક અગત્યની સૂચનાઓ :–

(૧) અરજી કરતાં પહેલા, ઉમેદવારે આ જાહેરાતના પાના નં.૧૬ ઉપર દર્શાવેલ નિયત નમૂનાના 'કેશ વાઉચર'ની પ્રિન્ટ કાઢી, બેન્કના કામકાજના સમયગાળા દરમ્યાન કોર બેન્કીંગ સેવા ધરાવતી 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા'ની કોઈપણ બ્રાન્ચ/શાખામાં જ ફી ભરવી.

(૨) ઓનલાઈન અરજી સફળતાપૂર્વક કન્ફર્મ થઈ ગઈ છે કે નહી? તેની ખાતરી કરવી. કારણ કે, બારકોડ/કન્ફર્મેશન નંબર દર્શાવતી ઓનલાઈન અરજી જ માન્ય ગણાશે.

(૩) ઉમેદવારે ઓનલાઈન અરજીના નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે ઓજસ વેબસાઈટ http://hc-ojas.guj.nic.in ના માધ્યમથી હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા માટેનો પ્રવેશપત્ર/ કૉલ લેટર ડાઉનલોડ કરવાનો રહેશે. પરીક્ષા અંગેના કૉલલેટર ડાઉનલોડ કરવા અંગેની સૂચના ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS કરીને આપવામાં આવશે.

(૪) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂંક કે પરિણામ સંબંધે કરવામાં આવતી કોઈ પણ પ્રકારની લોભામણી જાહેરાતો / પ્રલોભનો / રજુઆતો ધ્યાને લેવી નહીં.

(૫) ઉમેદવાર કોઈપણ રીતે ભલામણ–લાગવગ કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૬) આ ભરતીને સંબંધિત કોઈપણ બાબતે નામદાર ઉચ્ચ ન્યાયાલયનો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

રજીસ્ટ્રાર (રીક્રૂટમેન્ટ એન્ડ ફાયનાન્સ)
હાઈકોર્ટ ઓફ ગુજરાત,
સોલા, અમદાવાદ.

❖

# AIR INDIA ENGINEERING SERVICES LIMITED

Regd. Office : Airline House, 113, Gurudwara Rakab Gang Road, New Delhi-110001. Phone : 01123422000

**Air India Engineering Services Limited**
(A Wholly owned Subsidiary of Air India)

Air India Engineering Services Limited (AIESL), is an Aircraft Maintenance and Repair Organization (MRO) approved by DGCA (India) under CAR 145, to undertake MRO activities in India. AIESL invites applications from Indian Nationals fulfilling the requirements as on 1st July, 2016 to fill up the posts of 'GRADUATE ENGINEER TRAINEE- Aircraft Maintenance' and also to form a panel for future requirements on Fixed Term Contract basis. The selected candidates may be posted to any region/station of the company depending upon, the requirement of AIESL. Selection and empanelment does not guarantee that the candidate will be appointed. Release of candidates from the panel would depend upon the requirement of AIESL and decision taken by the company in this regard. Management also reserves the right to change/alter/delete any of the conditions mentioned herein, if so necessitated.

1. **Number of Vacancies:**

Total estimated present and future Vacancies are as follows, which may, however, very depending upon change of situation/ workload and actual requirement of AIESL.

Distribution of vacancies: SC= 41 , ST= 21 , OBC= 75 , General= 143

Reservation and concessions / relaxation to SC/ ST/ OBC/ Ex-servicemen candidate would be as per Government Directives in this regard.

2. **Eligibility Criteria as on 1st July ,2016.**

Candidates having BE/ B.Tech Degree in Mechanical/ Aeronautical/ Electrical/ Electronics/ Telecommunications/ Instrumentation/ Electronics & Communication Engineering or its equivalent from a Govt. recognised Institute/ University and with a valid GATE score of 80% and higher (75% and higher for SC/ ST/ OBC) may apply only through on-line in the prescribed format as attached. On scrutiny of the applications Management would decide the no. of candidates to be called for interview for filling up of the vacancies mentioned and to form a panel for future requirements.

**Age Limit**

General Category: - Not above 28 yrs as on 1st July,2016.

OBC: - Not above 31 yrs. as on 1st July, 2016.

SC/ST: - Not above 33 yrs as on 1st July , 2016.

Ex-Servicemen: - Upper age limit of 28 yrs would be relaxed to the extent the candidate has served in a regular post in Army/ Navy/ Air Force before retirement/ release or discharge from such post plus three years.

3. **Emoluments.**

Graduate Engineer Trainee – Aircraft Maintenance cadre - Will be paid a stipend of Rs 25000/- during the first year of training. Thereafter, they will be graded as Trainee Aircraft Maintenance Engineer with a salary of Rs. 30,000/- p.m. in the second. They will be trained to qualify as a Licenced Aircraft Maintenance Engineer (A qualification granted by the Director General of Civil Aviation, India – DGCA as per regulation defined in CAR 66). During the training and qualification acquiring process the incumbent 'Trainee AME' will be further upgraded to 'Trainee AME-III' and thereafter to 'Trainee AME-II' as per laid down career chart subject to passing the relevant papers/ modules of DGCA conducted BAMEC (Basic Aircraft Maintenance Engineering Certificate) examination or equivalent as per latest revision of CAR 66. There would an increase of Rs. 1000/- p.m. in emoluments every year till their passing the knowledge test/ relevant papers/ modules for grant of BAMEC by DGCA/ eligibility for B1/B2 approved type rated training. On acquiring of BAMEC/ equivalent the incumbent will be given type training on one of the aircraft certified by AIESL which consists of various models of Boeing/Airbus/ATR aircraft. As the minimum requirement to qualify for Type rated AME Licence is minimum 4 years 'Practical Aircraft Maintenance Experience' (as per DGCA, CAR 66 ), for a graduate engineer, the incumbent will be required to comply with the same. On completion of the said process, passing of relevant examination and acquiring of A/B1/B2 type rated AME licence on one of the aircraft, the Trainee AME-II will be graded as AME-I and would be paid Rs. 95000/- p.m. The minimum time taken for an incumbent to be graded as AME-I, it is estimated, would be five years after joining, considering that the incumbent clears all the tests/ training/ oral, etc. at the very first instance. AME-I after three years with B1/B2 licence on two aircraft would be paid Rs. 1, 28,000/- p.m. There exists good career advancement for the candidates once they acquire additional licences and experience. In case a candidate is not able to acquire Licence after affording him adequate opportunities, his/her services may be terminated as per the decision of the Co. It is, however, mentioned that the career path as delineated above for AME Trainee would only be applicable in case the services of the incumbent is renewed for further period of 5 years.

4. **Service Bond**

Selected candidates will be required to execute a bond to complete training and serve the company for a minimum period of 5 years after their acquiring AME licence, if it is decided to extend his/her service, after acquiring BAMEC qualifications. The candidate on acquiring of BAMEC qualification would furnish a bond guarantee to reimburse the company an amount of Rs 7, 00,000/- in case he/she leaves before completion of the bond period.

5. **Period of Contract**

Fixed term contract after being graded as AME for a period initial five years which may be extended for further period of five years based on requirement of AIESL and performance of the candidate. They will have career in the organization as per the " FTE Scheme " of AIESL.

6. **How to Apply**

The interested candidates may apply on or before 15.09.2016 only through on-line in the format as attached. Candidates would simultaneously be required to forward hard copy of the application duly attached with all testimonials in support of Qualification, GATE score, Age, Original Bank Challan, category (SC/ST/OBC, Ex-servicemen), ID proof (any one of the documents viz. Voter ID card/ Aadhar card/ Pan Card/ Driving Licence/ Passport) to the Post-box no. 12006, Cossipore Post Office, kolkata-700002. In case of non-receipt of hard copy the application is liable to be rejected without reference. Hard copies received after 30.9.2016 due any reasons, including postal delay, would be rejected.

Applicants to deposit the requisite application fee of Rs. 2000/- only through on-line SBI Bank Challan. Applications without the requisite fee would be rejected. SC/ST/Ex-servicemen candidates are exempted from paying the application fees.

Applicants applying for more than one post would be required to submit separate on-line application and Hard copy with the requisite fees. And, therefore, an applicant applying for both AME trainee and GET for Engineering Support services would be required to submit two SBI Bank Challans of Rupees 2000/- each. (Total Rs. 4000/-).

Online applying would start wef 08.08.2016 and the format for on-line application would also be available wef 08.08.2016.

7. **Selection Procedure**

The Eligible Candidates, as decided by the Management, would be informed through our website www.airindia.in (career page) on or after 15.11.2016 to appear for an interview for final selection.

8. **General Conditions**

- The short listed candidates will be considered for engagement on the fixed term Contract basis, subject to their medical fitness prescribed for the post. The selected candidates may be posted in any station/ region MRO of AIESL.
- Candidates will have to bear the cost of the Pre-Employment Medical examination(s). Any additional tests, if required; the additional cost thereof will also have to be borne by the candidate.
- Reservation and concessions/relaxations to SC/ST/OBC/Ex-Servicemen candidate would be extended as per Government Directives in the matter.
- SC/ST candidates fulfilling the requirements and appearing for Personal Interview residing beyond 80 kms. from the interview centre and not employed in any Government/Semi-Government/Public Sector Undertaking or Autonomous Bodies will be reimbursed second class to and fro rail/bus fare by the shortest route as per rules, on production of evidence to that effect.
- The applicant must ensure that they fulfil all the eligibility criteria as on 1.7.2016 and that the particulars furnished by him/her in the application are correct in all respects. At any stage of the Selection Process, if the particulars provided by the candidate in the application or testimonials supplied are found incorrect/false or not meeting the eligibility requirements prescribed for the post, the candidature is liable to be rejected and, if appointed, services terminated without giving any notice or reasons thereof.

1. Any canvassing by or on behalf of the candidate or bringing political or other outside influence with regard to their engagement/selection will be considered a DISQUALIFICATION.

❖

# Advertisement for the Post of Consultant for GSDM

**Gujarat Skill Development Mission, C/O Directorate of Employment & Training, Block no. 1, 3rd floor, Dr. Jivraj Mehta Bhavan, Sector-10, Gandhinagar-382010**

**Gujarat Skill Development Mission**, is an apex body for monitoring, co-ordination and convergence related to Skill Development & Entrepreneurship activities leading to employment in Gujarat, to strengthen Skilling activities in Gujarat, GSDM is looking for self-driven, high energy professionals with relevant experience and brilliant academic record in various core functions like Strategic Projects and Co-ordination, Survey & Analysis, Monitoring & Evaluation, MIS, Event Management, Accounts and Audit and should be proficient in communication in English.

Applications for Post of Consultants for various Cell or Wing are invited purely on contract basis for its Head quarter and District Offices in Gujarat. Visit **www.talimrojgar.gujarat.gov.in** for details of Eligibility for various Posts, Job description, Qualification & Experience. Probable districts are Ahmedabad, Vadodara, Rajkot, Surat, Banaskantha, Jamnagar, Bharuch, Mehsana, Valsad, Kutch, Gandhinagar and Surendranagar.

Applicants have to download prescribed form from website **www.talimrojgar.gujarat.gov.in** and to submit it in hard copy in the name of Mission Director, Gujarat Skill Development Mission, Gandhinagar, Gujarat; along with necessary testimonials and certificates at above mentioned address during office hours ON or before 31st August 2016. Eligible candidates have to remain present for personal interview before the Committee at their own expenses with all original certificates. Eligible candidates will be informed through SMS and Email and phone to remain present in the interview. Basic IT infrastructure will be provided by GSDM. Date of personal Interview will be published on **www.talimrojgar.gujarat.gov.in**

**Different vacancies for the Post of Consultants required at Head Quarter and District Offices of Gujarat Skill Development Mission (GSDM)**

## Vacancy Details

| Sr. No. | Cell or Wing | Designation | Head Office | District Offices | Total Vacancies |
|---|---|---|---|---|---|
| 1 | IT & MIS | IT & MIS Consultant | 4 | 10 | 14 |
| 2 | Skill Development | Skill Development Consultant | 10 | 20 | 30 |
| 3 | Account & Audit | Account & Audit Consultant | 2 | | 2 |
| 4 | Monitoring & Evaluation | M&E Consultant | 4 | | 4 |
| | Total Vacancy | | 20 | 30 | 50 |

**Eligibility, Qualification & Experience and Major Role and Responsibilities for Post of Consultant**

**Consultants required at Gujarat Skill Development Mission (GSDM) Head Quarter and District Offices**

| Sr. No. | Cell or Wing | Designation | Total Vacancies | Qualification & Experience | Remuneration maximum up to [Monthly] | Major Roles and Responsibilities |
|---|---|---|---|---|---|---|
| 1 | IT & MIS | IT & MIS Consultant | 14 | 1. M.E. or M. Tech or BE or B. Tech in IT / Computer / Computer Science or MSC [IT] or MCA and Minimum of 5 Years of Post qualification experience.<br>2. Should have at least minimum of 5 years of post-qualification experience in designing, running MIS system and IT based and mobile based application and in Data Management and Data analysis and preference will be given if HRD and Project Management experience.<br>3. Should have exposure of implementing min. 2 projects for E-Governance or IT base Company.<br>4. Should have developed, operated and maintained MIS in the past.<br>5. Should have experience in programming Web Content Management System and software development.<br>6. Sound knowledge of field surveys, statistics packages, data analysis, interpretation presentation desirable. | 30,000 | 1. Designing and Running IT base MIS System and to generate real time reports / status of all types of skill development initiatives of State.<br>2. Data analysis and data management with respect to generate real time reports for skilling programmes across state.<br>3. Identify, generate, classify and maintain database for timely generation of reports and statistics.<br>4. To update web portal with latest information with respect Skill initiatives across state.<br>5. To converge efforts of all stake holders through technological solutions.<br>6. Creating at strong and robust system for implementation of Skill Registry system. |
| 2 | Skill Development | Skill Development consultant | 30 | 1. Any Graduate + MBA in Operations or Project Management or Marketing or HR.<br>2. Should have minimum of 5 years of post-qualification experience.<br>3. Should have sound knowledge of IT<br>4. Should be able to work independently on all MS-Office Tools.<br>5. Sound knowledge of field surveys, statistics packages, data analysis and interpretation presentation.<br>6. Post qualification experience in field of Industry or Placement Agency is preferable | 30,000 | 1. To analyze existing Skill Development & Entrepreneurship projects run by Central / State Ministries.<br>2. To conceptualize and implement new Skill Development & Entrepreneurship projects & implement them across state and also review and strengthening of old skilling activities.<br>3. To co-ordinate with all the stake holders for skilling activities at State and District level.<br>4. To perform Grievance Redressal activity as well as implementation Quality Standards across state.<br>5. Analysis of current & historic skill data and conceptualizing future market trends with respect to Skill Development & Entrepreneurship.<br>6. To conduct different types of surveys and carry out Skill Gap Analysis for strengthen of Skill Development across State as well as mapping of various skill sets for finding future trends in Skilling.<br>7. To analyze market demands and make suitable suggestions for starting new courses at institute level.<br>8. To provide placement & career counselling services through seminars / workshops / in educational institutes, skilling institutes and skilling centers at district level.<br>9. Analyzing the needs of skilled candidates and co-ordinate with employers for placement. |
| 3 | Account & Audit | Account & Audit Consultant | 2 | 1. Any Graduate, CA / CS / ICWA or MBA Finance with 5 Years of Post qualification experience.<br>2. Should have sound knowledge of IT<br>3. Should be able to work independently on all MS-Office Tools | 30,000 | 1. To carry out and monitor all financial transaction pertaining to skilling activities under GSDM.<br>2. To carry out Internal Audit, Compliance, Risk Management and Co-ordinating with different Stake Holders.<br>3. The cell will also carry out performance audit.<br>4. To form an independent accounting mechanism of GSDM, which will ensure co-ordination with State Government / Central Government and other Philanthropic organization / CSR Fund Manager of Industrial House for financial availability.<br>5. To analyze & provide financial needs of project at different stages. |
| 4 | Monitoring & Evaluation | M&E Consultant | 4 | 1. Any Graduate + MBA in any vertical and minimum of 5 Years of Post qualification experience.<br>2. Should have sound knowledge of IT<br>3. Should be able to work independently on all MS-Office Tools | 30,000 | 1. Monitoring & inspection of skill development activities across state with respect to Quality assurance of skill provider and assessment of skill provider across State by Grading.<br>2. Assessing performance of various Skill Provider [SP], guide & support them for better work performance.<br>3. To encourage skill providers by Grading and incentivizing.<br>4. Monitoring and technical assistance for implementation of Skill training programs and Placement across State.<br>5. To evolve grading system to evaluate the performance of the skill training institute / Training Providers. |
| Total | | | 50 | | | |

## Other Terms and Conditions for GSDM Consultant

1. The applicant Nationality should be Indian and out of total 50 posts, one candidate can apply for any one post only.
2. The maximum age limit of the applicant shall be 45 years. Age limit will be relaxed in case of retired employee, but the retired employee should have worked in the field of Skill Development in Government of Gujarat.
3. The contractual appointment will be up to 31st march 2017; will be renewed based on the performance of the candidate and state government's sanction for continuation of the project.
4. The employment will be strictly contractual, and will not confer any other benefits to the selected candidate
5. Applicant will be responsible to support supplement and strengthen the objectives of the organization and will endeavour for its furtherance
6. Candidate should work in close coordination with DET offices, NSDC, NSDA, NSDM, NSDF, GCVT, NCVT, Ministry of Skill Development & Entrepreneurship and Other State Government's Skill Development Mission and inline Ministries, functional bodies of Central & State Government in the area of Skill & Entrepreneurship Development
7. The candidate will be bound by any additional terms and conditions which can be determined in the overall interest of the administration of the GSDM.
8. The candidate is in no way entitled to be included in the government establishment on the basis of the contractual appointment.
9. The candidate is bound to perform any additional tasks assigned by the authorities of Gujarat Skill Development Mission (GSDM).
10. The candidate will have to submit duly signed acceptance certificate of above mentioned terms and conditions.
11. If the candidate wants to leave the job, he/she will have to give one-month notice period.
12. The Consultant will be paid an all- inclusive mutually agreed upon monthly remuneration, depending on qualifications, past experience, and his/her performance in the interview.
13. Proficiency in English Communication Skill is highly desirable and should be able to work independently on all MS-Office Tools.
14. Should be able to write, read and speak Hindi, Gujarati and English.
15. Should have good communication skill.
16. If application is not submitted as per the prescribed norms and eligibility criteria, then application shall be liable for rejection.
17. If Educational or experience certificates submitted are found to be unauthentic or fraudulent, then application shall be liable for rejection.
18. For each post, remuneration to be paid shall be decided considering eligibility, education & qualification and experience of candidate. Decision taken by higher authority shall be final and acceptable without any discrepancy.
19. Preference would be given to those who have worked in Government of Gujarat in any capacity in area of Skill Development.

Note:

1. Form should be submitted in Computer printed form only. (Should not be hand written filled up otherwise it will be rejected)

2. Set of Application form & copy of documents needs to be submitted through courier only. Set of documents should include 10th, 12th, and all academic year's final mark sheets, degree & experience certificates, and Photo identity proof & leaving certificate also.

3. Set of this form & photocopies (Duly self-attested/true copy) of all Degrees & Experience Certificates have to submit preferably through R.P.A.D/Speed Post/Courier. (i.e. Class 10th onwards).

4. Last date of submission is ON or before 31st August 2016 during office hours.

Signature: Date:

❖

અનુસંધાન પાંચમા પાનાનું ચાલુ...

જગ્યાની સંખ્યા : ૫

ઓનલાઈન અરજીની અંતિમ તારીખ : ૩૦ જુલાઈથી ૩૦ દિવસ

વેબસાઈટ : www.nipfp.org.in

**☛ ઈન્ડિયન નેવી - નેવલ આર્મામેન્ટ ડિપોટ : વિશાખાપટ્ટનમ્**

જગ્યાનું નામ : ચાર્જમેન, ફેક્ટરી - એડબલ્યુએસ, આર્મામેન્ટ ફીટર, ટોરપીડો ફીટર, કારપેન્ટર , જોઈન્ટ ફીટર ઓટો, એમ્યુનેશન મશીનીસ્ટ-૨

જગ્યાની સંખ્યા : ૧૦૦

ઓનલાઈન અરજીની અંતિમ તારીખ : ૩૦ જુલાઈથી ૩૦ દિવસ

વેબસાઈટ : www.indiannavy.nic.in/ content/ desk-ccpo-enc

(એમ્પ્લોયમેન્ટ ન્યુઝ, તા.૩૦-૭-૨૦૧૬) ❖

